**અગ્રતા–૬**

**<u>પ્રસ્તાવના</u>**

**માન. અધ્યક્ષશ્રી**

ગ્રામ્ય કક્ષાએ ખેતી સાથે પશુપાલન વ્યવસાય દ્વારા ખેડૂતની આવક બમણી કરવાના માન. વડાપ્રધાનશ્રીનાં નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સિદ્ધ કરવા માટે ગ્રામ્ય કક્ષાએ જ રોજગારીની તકો ઉભી થાય એ ખૂબ જરૂરી છે. ગામડાના લોકો એમાં પણ ખાસ કરીને શિક્ષિત બેરોજગાર યુવકો જેઓ પશુપાલનને વ્યવસાય તરીકે સ્વીકારી પશુપાલન કરવા માંગતા હોય તેમને જો આર્થિક મદદ પૂરી પાડવામાં આવે તો તેઓ પશુપાલનના વ્યવસાયમાં જોડાય અને ગ્રામ્ય કક્ષાએ જ તેઓને રોજગારીની તક મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ થી અમલમાં મુકવામાં આવેલ ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના પર સહાયની યોજના અમલમાં મુકવામાં આવેલ છે ૧૨ દૂધળા પશુના ડેરી ફાર્મની સ્થાપના પર સહાયની યોજનાને આગળ ધપાવવા માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર દ્વારા અવિરત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**માન. અધ્યક્ષશ્રી**

આ યોજનામાં પશુપાલકોને ૧૨ દુધાળા પશુની ખરીદી પર બેંક લોનનુ જે વ્યાજ થાય છે એમાં પાંચ વર્ષ સુધી વ્યાજ સહાય, પશુઓ માટે કેટલ શેડ બનાવવા માટે, પશુઓનો વીમો લેવા માટે, મિલ્કીંગ મશીન, ચાફ કટર અને ફોગરની ખરીદી પર સહાય આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

આમ પશુપાલકોને આર્થિક સહાય મળતાં તેઓ પશુપાલનનો વ્યવસાય આધુનિક પધ્ધતિથી કરી સારો નફો મેળવી શકે છે તથા રાજયનું દૂધ ઉત્પાદન પણ વધે છે અને સ્થાનિક ઓલાદના પશુ જેમાં ખાસ કરીને આપણી કાંકરેજ અને ગીર જેવી દેશી ગાયોના સંરક્ષણ અને સંવર્ધનને પ્રોત્સાહન મળે તે માટે આ યોજના અમલમાં મુકવામાં આવી છે.

**અગ્રતા–૬**

**પ્રશ્ન–૧** ૧૨ દૂધાળાપશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજનામાં વર્ષ ૨૦૨૨–૨૩માં આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી?

**અને મારો બીજો પ્રશ્ન એ છે કે**

તાલુકાવાર કુલ કેટલી સહાય ચુકવવામાં આવી ?

**જવાબ:**

**માનનીય અધ્યક્ષશ્રી**

**પ્રસ્તાવના**

ખેડૂતની આવક બમણી કરવાના માન. વડાપ્રધાનશ્રીના નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સિદ્ધ કરવા માટે ગ્રામ્ય કક્ષાએ ખેતી સાથે પુરક રોજગારીની તકો ઉભી થાય એ ખૂબ જરૂરી છે. ગામડાના લોકો એમાં પણ ખાસ કરીને શિક્ષિત બેરોજગાર યુવકો જેઓ પશુપાલનને વ્યવસાય તરીકે સ્વીકારી પશુપાલન કરવા માંગતા હોય તેમને જો આર્થિક સહાય પૂરી પાડવામાં આવે તો તેઓ પશુપાલનના વ્યવસાયમાં જોડાય તે હેતુથી આ યોજના અમલમાં મુકેલ છે.

**માન.અધ્યક્ષશ્રી**

રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮–૧૯ થી અમલમાં મુકવામાં આવેલ ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના પર સહાયની યોજના અમલમાં મુકવામાં આવેલ છે માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર દ્વારા આ યોજનાને અવિરત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો....**

આણંદ જીલ્લામાં તાલુકાવાર મંજુર કરેલ અરજીઓ અને ચૂકવેલ સહાયની વિગત જણાવું તો...

- **આણંદ** તાલુકામાં **૩ અરજી** અને રૂ. ૪,૫૪,૦૧૩/-
- **ખંભાત** તાલુકામાં **૭ અરજી** અને રૂ. ૬,૫૨,૩૧૨/-
- **પેટલાદ** તાલુકામાં **૬ અરજી** અને રૂ. ૩,૮૨,૦૦૦/-
- **બોરસદ** તાલુકામાં **૫ અરજી** અને રૂ. ૨,૨૬,૯૫૦/-
- **સોજીત્રા** તાલુકામાં **૪ અરજી** અને રૂ. ૪,૫૪,૦૧૨/-
- **તરાપુર** તાલુકામાં **૨ અરજી** મંજુર થયેલ છે અને
- **આંકલાવ** અને **ઉમરેઠ** તાલુકામાં આ સમયગાળા દરમ્યાન કોઈ અરજી મંજુર થયેલ નથી

આમ **કુલ ૨૮** અરજીઓ મંજુર કરી **કુલ રૂ. ૨૧,૭૦,૦૮૭/-**ની સહાય ચુકવવામાં આવી છે.

**અગ્રતા–૬**

**પ્રશ્ન–૨** ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના હેઠળ કેટલા અને કયા કયા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે

**અને મારો બીજો પ્રશ્ન છે કે**

કયા ઘટકો ફરજીયાત છે અને કયા ઘટકો મરજીયાત છે ?

**જવાબ:**

**માનનીય અધ્યક્ષશ્રી,**

**સભ્યશ્રીનાં પહેલા પ્રશ્નનાં જવાબમાં જણાવું તો**

**પ્રસ્તાવના**

દુધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના કરવામાં લેવી પડતી બેંક લોન, પશુ વીમો તથા કેટલ શેડ બનાવવા માટે પશુપાલકને ઘણી મોટી રકમનું રોકાણ કરવું પડતું હોય છે. તે રોકાણ કરવામાં સહાય આપવાથી બેરોજગાર યુવાનો આ વ્યવસાયમાં જોડાય છે અને ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરમાં રોજગારી મેળવવા માટે યુવાનોને સ્થળાંતર કરવું પડતું નથી.

**માન. અધ્યક્ષશ્રી**

૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના હેઠળ **કુલ છ ઘટકો**નો સમાવેશ કરવામાં આવેલ છે જેમાં

- ૧૨ દૂધાળા પશુની ખરીદી માટે મેળવેલ બેંક ધિરાણ પર પાંચ વર્ષ સુધી વ્યાજ સહાય
- પશુના સંળગ ત્રણ વર્ષના વિમાના પ્રિમિયમ પર સહાય
- કેટલ શેડ બાંધકામ પર સહાય
- ઈલેકટ્રીક ચાફકટર ખરીદી પર સહાય
- મીલ્કીંગ મશીનની ખરીદી પર સહાય
- ફોગર સીસ્ટમ ખરીદી પર સહાય

**માનનીય અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીનાં બીજા પ્રશ્નનાં જવાબમાં જણાવું તો ...**

**ફરીજીયાત ઘટકોમાં**

- બેંક ધિરાણ પર પાંચ વર્ષ સુધી વ્યાજ સહાય
- પશુના સંળગ ત્રણ વર્ષના વિમા પ્રિમિયમ સહાય
- કેટલ શેડ બાંધકામ પર સહાય

**મરજિયાત ઘટકો**

- ઈલેક્ટ્રીક ચાફકટર ખરીદી પર સહાય
- મીલ્કીંગ મશીનની ખરીદી પર સહાય
- ફોગર સીસ્ટમ ખરીદી પર સહાય

**અગ્રતા-૬**

**પ્રશ્ન-૩** પશુપાલકો કઇ કઇ દેશી ઓલાદના ડેરી ફાર્મની સ્થાપના કરે તો વિશિષ્ટ સહાય આપવામાં આવે છે ?

**અને મારો બીજો પ્રશ્ન છે કે**

કઇ કઇ બાબતની કેટલી સહાય આપવામાં આવે છે ?

**જવાબ:**

**માનનીય અધ્યક્ષશ્રી,**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..**

ગીર અને કાંકરેજ ગાયોના સંવર્ધનને પ્રોત્સાહન આપવા દેશી ગાયોના ડેરી ફાર્મની સ્થાપના માટે વિશિષ્ટ સહાય આપવામાં આવે છે

**માનનીય અધ્યક્ષશ્રી,**

સભ્યશ્રીનાં બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો દેશી ગાયના ડેરી ફાર્મની સ્થાપના માટે

(૧) ગાયની ખરીદી માટે મેળવેલ બેંક ધિરાણ પર પાંચ વર્ષ સુધી **૭.૫૦ % ને બદલે ૧૨ % સુધીની વ્યાજ સહાય**

(૨) પશુના સંળગ ત્રણ વર્ષના વિમાના પ્રિમિયમની રકમના **૭૫ % ને બદલે ૯૦ % અથવા મહત્તમ રૂ. ૫૧,૮૪૦/-ની સહાય**

(૩) કેટલ શેડ બાંધકામ પર **૫૦ % ને બદલે ૭૫ % અથવા મહત્તમ રૂ. ૨,૨૫,૦૦૦/-ની સહાય**

(૪) ઈલેકટ્રીક ચાફકટર ખરીદી પર **૭૫ % ને બદલે ૯૦ % અથવા મહત્તમ રૂ. ૨૧,૬૦૦/-ની સહાય**

(૫) મીલ્કીંગ મશીનની ખરીદી પર **૭૫ % ને બદલે ૯૦ % અથવા મહત્તમ રૂ. ૪૦,૫૦૦/-ની સહાય**

(૬) ફોગર સીસ્ટમ ખરીદી પર **૭૫ % ને બદલે ૯૦ % અથવા મહત્તમ રૂ. ૧૦,૮૦૦/-ની સહાય**

**અગ્રતા–૬**

**પ્રશ્ન–૪** સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજનામાં અરજી ઓછા થવાના શા કારણો છે ?

**અને મારો બીજો પ્રશ્ન છે કે**

મળેલ અરજીઓ ના મંજુર થવાના શા કારણો છે ?

**જવાબ:**

**માનનીય અધ્યક્ષશ્રી,**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો...**

આ યોજનાનો લાભ લેવા માટે બેંક તરફથી લોન મેળવવાની મંજુરી મળ્યા બાદ જ અરજી કરવાની હોવાથી પુરતા પ્રમાણમાં લોન મંજુર ન થવાથી અરજીઓ ઓછી થાય છે.

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં**

અરજીઓ ના મંજુર થવાના કારણોમાં જણાવું તો...

- પુરતા સાધનીક દસ્તાવેજો રજુ ન કરવાથી
- ઓનલાઈન અરજી કર્યા બાદ સમયમર્યાદામાં અરજી રજુ ન કરવાથી
- સમયસર કેટલશેડ બાંધકામ પૂર્ણ ન કરવાથી
- સ્થળ ચકાસણી દરમ્યાન યોજનાની નિયત શરતો અને બોલીઓ મુજબ કામગીરી ન કરવાથી